







## તારા વિના શ્યામ મને એકલડું લાગે... રાસે રમવાને વહેલો આવજે...










## સંક્ષિપ્ત સમાચાર

### પીપળી ગામે બિરાજમાન માં નાગણેશ્વરી માતાજીના દર્શનાર્થે માઇભક્તોની ભીડ



**પાદરા :** માં આદ્યશક્તિ આરાધના પર્વે એટલે આસો નવરાત્રિ નું અનેરું મહત્ત્વ અને ભક્તો ની અતુટ શ્રદ્ધા જોડાયેલી હોય છે ત્યારે નવરાત્રી નિમિત્તે શ્રી નાગણેશ્વરી માતાજી મંદિર માં માઈ ભક્તો સવાર થી દર્શન માટે પહોંચ્યા હોય છે, નવરાત્રી નવ દિવસ દરમિયાન મંદિર માં વિશેષ પૂજા અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હોય છે. પરંપરાગત નવરાત્રી ના દિવસોમાં આભૂષણનો માતાજી નો શણગાર કરવામાં આવતો હોય છે. નવરાત્રિ ની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવે છે ત્યારે નવરાત્રિ ની આઠમ નિમિત્તે માં નાગણેશ્વરી માતાજી ને ખીર નો ભોગ બનવાની ને ધરાવવા માં આવે છે શ્રી નાગણેશ્વરી માતાજી ના જય ઘોષથી મંદિર ગુંજી ઉઠ્યું હતું.

### છોટાઉદેપુરમાં લાયબ્રેરી રોડ નવરાત્રિ મહોત્સવમાં મહિલા જાગૃતિ અંગે પત્રિકા વહેંચાઇ



**છોટાઉદેપુર :** હાલ ચાલી રહેલ નવરાત્રી પર્વમાં છોટા ઉદેપુર નગર સહિત જિલ્લામાં ઠેર ઠેર રાત્રી ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તમામ ગરબા ગ્રાઉન્ડ માં યુવાધન મોડી રાત સુધી ગરબા ઘૂમે છે. મહિલાઓ અને યુવતીઓ મોડી રાત્રે ઘરે જતી હોય છે. તેવા સમયે યુવતીઓ એ કંઈ રીતની સતર્કતા રાખવી જોઈએ, જો કોઈ વાહન ન મળે તો ૧૮૧ નંબર ડાયલ કરી પોલીસને જાણ કરવી. મહિલાઓમાં જાગૃતિ આવે તેઓ સતર્ક રહી તહેવાર ઉજવે તે માટે છોટા ઉદેપુર નગરના લાયબ્રેરી રોડ નવરાત્રી મહોત્સવમાં સુરક્ષા સેતુ સોસાયટી, છોટા ઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા પત્રિકાઓ વહેંચી બેનર લગાવવામાં આવ્યા હતા. લાયબ્રેરી રોડ સહિત તમામ ગરબા ચોકમાં છોટા ઉદેપુર પીઆઇ પરમાર અને પોલીસ સ્ટાફ દ્વારા પત્રિકા વહેંચી સમજૂતી આપવામાં આવી હતી.

પાવીજેતપુર, ભારજ નદીમાં પાણી ઘટવા માંડ્યું છતાં પણ ડાઈર્વઝન બનાવવા માટે તંત્ર અસમર્થ કેમ?

## ભારજ નદી પરનો ડાયવર્ઝન બંધ હોવાથી પાવાગઢ દર્શને જતા શ્રદ્ધાળુઓને હાલાકી

**હાલ** નદીમાં પાણીનો પ્રવાહ પણ ઘટ્યો છે ત્યારે કામગીરી કેમ નથી કરાતી ? તેવી લોકોમાં ચર્ચા



(પ્રતિનિધી) બોડેલી, તા.8
સમગ્ર ગુજરાત રાજ્યમાં બહુચર્ચિત થયેલ ભારજ નદીનો પુલ જે આ ચોમાસા દરમિયાન તૂટી ગયેલ છે અને સાથે સાથે બાજુમાં બે કરોડ થી વધુ રકમ નું બનાવવામાં આવેલ ડાયવર્ઝન પણ વરસાદી પ્રથમ પાણી આવતા જ ધોવાઈ ગયું હતું જેમાં ખૂબ જ ભ્રષ્ટાચાર થયાના આરોપ પ્રજા દ્વારા લગાવવામાં આવ્યા હતા. પરંતુ એ ડાઈવરજન આજે વરસાદની ઋતુ પૂરી થવા આવી છતાં પણ બનાવવામાં આવ્યું નથી અને જેને લઈ આજુબાજુના અનેક ગામડાઓને ધંધાકીય મંદીની અસર જોવા મળી છે અને વાહન ચાલકોને ખૂબ જ મોટો રાઉન્ડ મારી ફરી ફરીને જવું પડતું હોય છે જેથી કરીને પ્રજામાં ખૂબ જ આક્રોશ પણ જોવા મળ્યો અને સાથે સાથે વિરોધ પક્ષ દ્વારા પણ અનેક આવેદનો તથા રજૂઆતો કરવામાં આવી છે છતાં પણ આ ડાઈવરજન હાલ જૈસે થે વૈસેની પરિસ્થિતિમાં છે

પાવાગઢ માતાજીના દર્શન માટે જતા હજારો શ્રદ્ધાળુઓ ડાઈવરજન બનેલ ન હોવાથી અટવાયા અને ભારે હાલાકી નો સામનો કરવો પડ્યો હાલ ચાલતા નવરાત્રી ના પાવન અવસર એ હજારો શ્રદ્ધાળુઓ મધ્યપ્રદેશથી પાવાગઢ માતાજીના દર્શન અર્થે જતા હોય છે અને તેઓનું રેગ્યુલર રસ્તો જ આ પ્રમાણે બંધ હોવાથી તેઓ ખૂબ જ અટવાતા અટવાતા જતા હોય છે કેમ કે મધ્યપ્રદેશથી આવનાર લોકોને અહીંના અવલોકન રસ્તાઓની ખબર હોતી નથી અને તંત્ર દ્વારા કોઈ બોર્ડ વગેરેની સુવિધાઓ પણ કરવામાં આવી નથી જેથી કરીને હજારો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન માટે આવ્યા છે પણ આ ડાયવર્ઝન બનેલ ન હોવાથી તેઓને ખૂબ જ હાલાકી નો સામનો કરવો પડ્યો છે અને ગામડાઓના રસ્તામાંથી તેઓને ચાલીસ ચાલીસ કિલોમીટરમાં ફેરવો કરી જવું પડ્યું છે જેથી કરીને વહેલી તકે તંત્ર નિંદ્રામાંથી જાગે એવી લોક માંગ છે

## મંજુસર પોલીસ મથકની હદમાં ઝડપાયેલા દોઢ કરોડનો દારૂ પર બુલડોઝર ફેરવ્યું



(પ્રતિનિધી) સાવલી, તા.8
સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં ગત વર્ષમાં વિવિધ દરોડામાં ઝડપાયેલ વિદેશી દારૂનો આશરે ૨૪૩૧૮ નંગ બોટલ રૂપિયા સાસરે દોઢ કરોડનો મુદ્દામાલ પર બુલડોઝર ફેરવીને નષ્ટ કરવામાં આવ્યો હતો.

સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં પોલીસ વિભાગની વિવિધ એજન્સીઓ દ્વારા સમય અંતરે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અલગ અલગ સમયે ભારતીય બનાવટ નો વિદેશી દારૂનો જથ્થાની હેરફેર કરતી મોટો જથ્થો ઝડપાયો હતો જેને આજરોજ નામદાર કોર્ટના આદેશ મુજબ વિવિધ વિભાગોની જેમકે નાયબ જિલ્લાઃ પોલીસ વડાઃ નશાબંધી આબકારી વિભાગ ના અધિકારી તેમજ મંજુસર પોલીસ મથક ના સ્ટાફ ની હાજરી અને દેખરેખ હેઠળ રોલર ફેરવીને નાબૂદ કરવામાં આવ્યો હતો જેમાં આશરે 24,300 નંગ બોટલ રૂપિયા આશરે દોઢ કરોડનો મુદ્દામાલ નાબૂદ કરવામાં આવ્યો હતો. સાવલીના મંજુસર પોલીસ મથક ની હદમાં થી ઝડપાયેલ ભારતીય બનાવટ નો વિદેશી દારૂનો જથ્થો નાબૂદ કરતા વેળા ની તસ્વીરો નજરે પડે છે

### ડભોઈમાં પાલિકાના ચીફ ઓફિસરે નોટિસ ફટકારાઈ

(પ્રતિનિધી) ડભોઇ, તા.8
ડભોઈ તરસાણા ચોકડી પાસે આવેલ ચમારકુંડમાં મરેલા ઢોરના ચામડાં અને હાડકાંનો ધંધો કિશોરભાઈ સોલંકી કરતા હોવાને લઈને નગરપાલિકાના ચિફ ઓફીસર ધ્વારા નોટીસ ફટકારાતા નગરમા ચર્ચાના એરણે છે કહે છે ડભોઈમા તરસાણા ચોકડી પાસે આવેલ ચમાર કુંડ મા મરેલા ઢોર ની વાસ પવન ની દિશા તરફ પલટાય છે તે દિશામા દુર્ગંધ મારતી હોવાનુ નગરપાલિકાનુ માનવુ છે ડભોઈ તરસાણા ચોકડી પાસે વાઘોડીયા જવાનો મુખ્ય માર્ગ છે અને આજુબાજુ રહેણાંક વિસ્તાર હોવાને લઈ ને દુર્ગંધ ને લઈ લોકો નુ સ્વાસ્થય બગડે એમ હોય વહેલી તકે દુર્ગંધ સમેટાય કે પછી મરેલા ઢોરનો ધંધો સમેટવા નોટીસ ફટકારાઈ છે.

## સાધલી ગામે 10માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.8
સેવાસેતુ કાર્યક્રમ માં રેશન કાર્ડ માં kyc, નામ દાખલ, કમી, નવા રેશન કાર્ડ , સુધારા વધારા તેમજ આધાર કાર્ડ સુધારા વધારા, નવા, આવક ના દાખલા, જાતિ ના દાખલા, PMJY કાર્ડ , હેલ્થ ચેકઅપ આરોગ્ય ની કામગીરી તેમજ આદિજાતિ વિભાગ , પશુપાલન, icds , iti વિભાગ સહિત ના સ્ટોલ કરી યોજનાઓ ની સેવા આપી. કરજણ નાયબ કલેક્ટર શિવમભાઈ, શિનોર મામલતદાર મુકેશભાઈ શાહ, નાયબ મામલતદાર આનંદકુમાર, શિનોર તાલુકા વિકાસ અધિકારી કે.ટી.ઠક્કર સહિત સાધલી ગ્રામ પંચાયત સરપંચ મનીષાબેન, ડેપ્યુટી સરપંચ સંકેત પટેલ સહિત મોટી સંખ્યા માં લાભાર્થીઓ હાજર રહ્યા. યોજાયેલા 10 માં તબક્કા ના સેવાસેતુ કાર્યક્રમ માં મોટી સંખ્યા માં લાભાર્થીઓ એ લાભ લીધો હતો.

## છોટાઉદેપુર જિલ્લામાં વિવિધ રસ્તાઓને કરોડોના ખર્ચે નવીનીકરણના કામોનુ ખાતમુહૂર્ત

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.8
છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકા ખાતે કરોડોના ખર્ચે રસ્તાઓનું નવીનીકરણનું કામ મંજુર થયું હોય જે બાબતે કુંડલ ગામ ખાતે પ્રાથમિક શાળાના પટાંગણ માં છોટાઉદેપુર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા અને છોટાઉદેપુર સાંસદ જશુભાઈ રાઠવાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રસ્તાઓ સુખી સિંચાઈ યોજના હસ્તકનો હોય અગાઉના ધારાસભ્ય ધ્વારા સરકારમાં રજૂઆતો કરવામાં આવી હતી કે આ રસ્તા પંચાયત માર્ગ મકાન વિભાગને સોંપવામાં આવે જેથી તેનો વિકાસ થાય જે બાબતે ની માંગ સ્વીકારી સરકારે પંચાયત માર્ગ મકાનને સોંપી દીધા હોય



જે રસ્તાનું ડામર અને મજબૂતી કરણનું કામ અર્થે હાલના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ સરકારમાં રજૂઆતો કરી હતી.

જે મંજુર થતા પંચાયત માર્ગ મકાન વિભાગમાં આવતો હોય .જેમાં ગ્રામીણ વિસ્તારોમાં પ્રજાને પડતી અશુવિધાઓ અને મુશ્કિલો ને પહોંચી વળવા સરકાર દ્વારા કરોડોના ખર્ચે આ રસ્તાના કામો મંજુર કરવામાં આવ્યા છે જે રસ્તા નવા બનશે તો આ વિસ્તારની પ્રજાને તથા ગ્રામજનો ને આ રસ્તાઓ થકી સુવિધામાં વધારો થશે જે રસ્તાઓનું ખાત મુહૂર્ત થતા પ્રજામાં ભારે આનંદની લાગણી ફેલાઈ છે